ISSN : 2277-7598

# અરવલ્લીનો ટહુકો

વર્ષ : ૧૦ અંક : ૧૦ વાર્ષિક સામયિક સને ૨૦૧૫-૨૦૧૬



NAAC 'B' Grade CGPA-2.79
College with Potential for Excellence Awarded by U.G.C.

The Journal of
Smt. R. M. Prajapati Arts College, Satlasana

શ્રી બાબુલાલ પુનમચંદ શાહ વિદ્યાસંકુલ
સંચાલિત

## શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ

મુ.પો.તા.સતલાસણા, જિ.મહેસાણા-૩૮૪૩૩૦

Scanned with CamScanner

# ભટ્ટ લોલ્લટનો રસવિચાર

ડૉ. લલિત પટેલ
શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
સંસ્કૃત કોલેજ, વેરાવળ

સમગ્ર સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં તથા સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ઈતિહાસમાં ઘણા આચાર્યો-વિદ્વાનો તેમજ તેમના ગ્રંથો-વ્યાખ્યાઓ-ટીકાઓ લુપ્ત થઈ ગઈ છે. છતાં અન્યગ્રંથો કે ટીકાઓના સંદર્ભોને આધારે તેમનાં જીવન તથા કર્તુત્વ વિશે માહિતી મળી આવી છે અને ભટ્ટલોલ્લટ પણ તેમાના એક સંસ્કૃત કાવ્યશાસ્ત્રના આચાર્ય છે, જેમના નામ પર કોઈ સ્વતંત્ર ગ્રંથ મળતો નથી પણ અન્યઆચાર્યોની વ્યાખ્યાઓમાંથી પ્રાપ્ત સંદર્ભોને આધારે તેમના જીવન તથા તેમના મતને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન અહીં કરવામાં આવે છે. આ પ્રામાણિક પ્રયત્ન પાછળ ભટ્ટ લોલ્લટના મતને સ્પષ્ટ કરવા ડૉ. તપસ્વી નાન્દી સાહેબનાં (નાટ્યશાસ્ત્ર તથા ભારતીય સાહિત્ય શાસ્ત્રની વિચારપંપરાનો) મોટા પ્રમાણમાં આધાર લીધો છે. ડૉ.એસ.કે. ડે, ડૉ. રમેશ બોટાઈ (ભારતીય સાહિત્ય વિચાર મંજુષા) જેવા આધુનિક વિદ્વાનોના મતે તેના પર પ્રકાશ પાડવા પ્રયત્ન કર્યો છે. ભટ્ટલોલ્લટ રસસૂત્રની જે સમજૂતી આપે છે તેનું સ્વારસ્ય વિચારતાં પહેલાં આપણે તેમના જીવન વિશે-સ્થળ-કાળ વગેરે વિશે થોડી માહિતી મેળવી લઈએ. ભટ્ટલોલ્લટ ૯ મી કે ૧૦ મી સદીમાં કાશ્મીરમાં થઈ ગયા. હાલ અનુપલબ્ધ એવી ટીકા તેમણે ભરતના નાટ્યશાસ્ત્ર પર લખી હતી. ક્ષેમરાજ પોતાની ‘સ્પન્દકારિકા’ (પૃ.-૩૪) તથા અભિનવગુપ્ત ઈશ્વરપ્રત્યભિજ્ઞાવિવૃત્તિવિમર્શની (શ્લોક-૭૮૮) માં ભટ્ટલોલ્લટનો સંદર્ભ આપે છે. જેમણે વસુગુપ્તની ‘સ્પન્દકારિકા’ પર ટીકા રચી હતી. તો ભટ્ટલોલ્લટ અવન્તિવર્મા (૮૫૬-૮૮૩) ના રાજ્યમાં જીવ્યા/રહ્યા હશે. વસુગુપ્ત અવિન્તવર્માના સમયમાં થઈ ગયા હતા અથવા લોલ્લટ અવન્તિવર્માના વારસ શંકરવર્માના રાજ્યમાં રહ્યા હશે.[૧] ભટ્ટલોલ્લટ ભરતના ‘નાટ્યશાસ્ત્ર’ ના વ્યાખ્યાકારોમાંના એક છે. અભિનવગુપ્ત પોતાના પૂરોગામી ટીકાકારો તરીકે તેમનો ઉલ્લેખ કરે છે. ‘સંગીતરત્નાકાર’ માં શાંર્ગદેવ કહે છે કે- **व्याख्यातारो भारतीये लोल्लटोद्भटशङ्कुकाः । भट्टाभिनवगुप्तश्च श्रीमत्कीर्तिधरोऽपरः ॥**[૨] મમ્મટ (કાવ્યપ્રકાશ, ઉલ્લાસ-૪) તથા હેમચન્દ્ર વિવેક (પૃ.-૮૯-૯૦) માં પણ ભરતના રસસૂત્રના વ્યાખ્યાકાર તરીકે તેમના મતનો ઉલ્લેખ છે.

લોલ્લટ દ્વારા પ્રતિપાદિત રસાસિદ્ધાંત સંભવત: પરંપરાગત હતો અને ત્યારબાદ તેઓએ (લોલ્લટે) તેને વ્યવસ્થિત કર્યો અને તેના પ્રથમ પક્ષધરના રૂપમાં પ્રસિદ્ધ થયા. વળી અભિધા શક્તિના વ્યાપાર સાથે સંબંધિત વિવાદના પ્રસંગમાં પણ લોલ્લટને દીર્ઘ-વ્યાપારવાદી કહ્યા છે, કારણ કે તેમના મત અનુસાર શબ્દનો સંકેતિત્ અર્થનો જ મુખ્ય વ્યાપારનો પ્રભાવ એટલો દૂરવ્યાપી હોય છે કે તે સ્વયં જ લક્ષ્ય અથવા વ્યંજિત અર્થને વ્યક્ત કરવા સમર્થ હોય છે. લોલ્લટના આ મતનું પ્રતિપાદન પ્રત્યક્ષરૂપથી થયુ નથી. જો કે તેના પ્રવર્તકના નામનિર્દેશ કર્યા વિના જ મમ્મટ (પૃ.૨૨૫), મહિમભટ્ટ (પૃ. ૨૭) હેમચંદ્ર (પૃ.૪૩) વગેરે આચાર્યોએ આ મતની આલોચના કરી છે.[૩]



Scanned with CamScanner

આપણે અહીં ભટ્ટલોલ્લટના રસવિચારનો જ વિચાર કરીશું. તેનું જ સ્વારસ્ય સમજીશુ. અભિનવગુપ્ત 'નાટ્યશાસ્ત્ર' પરની પોતાની ટીકા 'અભિનવભારતી' માં પોતાના ત્રણ પરોગામી રસવિવેચકો ભટ્ટલોલ્લટ શ્રીશંકુક અને ભટ્ટનાયકના મતો એક પછી એક નિરૂપે છે. તે-તે મતમાંના દોષો દર્શાવીને તે પ્રત્યેક મતનું શાસ્ત્રીય રીતે ખંડન કરે છે અને પછી પોતાના સ્વતંત્ર સિદ્ધાન્તની સ્થાપના કરે છે. ભરતનું રસસૂત્ર રસ-નિરૂપણના અનુસંધાનમાં 'નાટ્યશાસ્ત્ર' ના છઠ્ઠા અધ્યાયમાં આવે છે અને અભિનવગુપ્તનું રસનિષ્પત્તિ વિષયક ખંડન મંડનાત્મક સમગ્ર વિવરણ-વિવેચન એ રસસૂત્રના ભાષ્યરૂપે નિષ્પન્ન થાય છે. ભટ્ટલોલ્લટ વગેરે ભરતના રસસૂત્રની સમજૂતી આપે છે. તેનો સારાંશ, અભિનવગુપ્ત તથા અન્ય આધુનિક વિદ્વાનો પ્રમાણે આ રીતે છે.

વિભાવ વગેરે સાથે સંયોગ એટલે કે સ્થાયિભાવની સાથે (વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવોનો સંયોગ) તેનાથી રસની નિષ્પત્તિ (થાય છે) તેમાં સ્થાયિભાવના સ્વરૂપની ચિત્તવૃત્તિની ઉત્પત્તિમાં વિભાવો કારણભૂત બને છે અને અહીં રસજન્ય અનુભાવો વિવક્ષિત નથી, કારણ કે રસના કારણો તરીકે તે ગણવાને પાત્ર નથી. પરંતુ ભાવોના જે અનુભાવો છે, તે જ વિવક્ષિત છે અને વ્યભિચારી ભાવો, ચિત્તવૃત્તિરૂપના હોવાથી સ્થાયિભાવની સાથે રહી શકતા નથી, છતાં અહીં તેમનું વાસના રૂપ વિવક્ષિત છે. દૃષ્ટાંતમાં પણ વ્યંજન વગેરેની વચ્ચે કોઈ (રસ)નું, સ્થાયિભાવની જેમ જેમ વાસનાત્મકરૂપમાં અસ્તિત્ત્વ હોય છે અને બીજાનું વ્યભિચારીની જેમ ઉદ્ભુતરૂપમાં અસ્તિત્વ હોય છે. આથી વિભાવ, અનુભાવ આદિથી પરિપુષ્ટ થયેલો સ્થાયીભાવ જ રસ છે, સ્થાયિ ભલે પરિપુષ્ટ હોય. રસ બંનેમાં હોય છે, મુખ્યરૂપે રામ વગેરે અનુકાર્ય અને રામાદિરૂપતાના અનુસંધાનને લીધે અનુકર્તા નટમાં પણ (પ્રતીત થાય છે) પ્રાચીન આચાર્યોનો આ જ મત છે. દંડીએ પોતાના ('કાવ્યાદર્શ' નામના) અલંકારગ્રંથમાં કહ્યું છે કે, 'રૂપ બાહુલ્ય યોગે પામે રતિ શૃંગારભાવને' (૨.૨૪૧) 'આમ પરાકોટિએ પહોંચીને ક્રોધ રૌદ્રપણાને પામે છે.' (કાવ્યાદર્શ-૨.૨૮૩) ઈત્યાદિ.[૫]

ભરતના રસસૂત્રમાં આવતો 'સંયોગ' એ વિભાવાદિનો સ્થાયી સાથેનો, એમ સમજવું. તેમાંથી રસનિષ્પત્તિ થાય છે. 'નિષ્પત્તિ' ને સ્પષ્ટ કરતાં ભટ્ટલોલ્લટ નોંધે છે કે વિભાવ સ્થાય્યાત્મિકા ચિત્તવૃત્તિની ઉત્પત્તિમાં કારણરૂપ બને છે. અનુભાવો અને વ્યભિચારીઓના કાર્યની સ્પષ્ટતા અભિનવભારતીમાં થઈ છે. મમ્મટે તેની વિશેષ સ્પષ્ટતા (ઉલ્લાસ-૪) માં કરી છે તેમણે સમજાવ્યું છે તેમ વિભાવો દ્વારા ઉત્પત્તિ, અનુભાવો દ્વારા પ્રતીતિ અને વ્યભિચારીઓ દ્વારા પરિપુષ્ટિ એમ ત્રણ તત્ત્વોનો સમાવેશ લોલ્લટ 'નિષ્પત્તિ'માં કરતા જણાય છે. આ ત્રણ પ્રક્રિયામાંથી (પ્રક્રિયાઓમાંથી) ઉપચિત થતો ઉત્પન્ન થતો સ્થાયી એ જ રસ. તેથી તેમનો મત-રસોત્પત્તિવાદ તથા ઉત્પત્તિઉપચિતિવાદ તરીકે ઓળખાય છે.

લોલ્લટના આ મતમાં કેટલીક સૂક્ષ્મવિગતોની આલોચનામાં ખૂબ સાવધાન રહેવું પડે છે. આપણે ડૉ. નાન્દીસાહેબે આ મતની જે સારરૂપે ચર્ચા કરી છે તેને જ આધાર માનીને લોલ્લટે રજૂ કરેલી સૂક્ષ્મ વિગતો સમજવાનો પ્રયત્ન કરીશું. પહેલી વાત તો એમણે એ કરી કે આ (રસ) સૂત્રમાં જે અનુભાવોનો નિર્દેશ છે તે 'રસજન્ય' વિક્ષિત નથી. કારણ કે આ અનુભાવો 'કારણરૂપ' છે. 'રસજન્ય'



Scanned with CamScanner

એટલે કે રસના કાર્યરૂપ નથી. ત્યારે આ અનુભાવો કોના ? તો કહે 'ભાવો ના જ' અનુભાવો જાણવા. આ સૂત્રમાં ગણાવેલા ભાવોના અનુભાવો તે 'સ્થાયી' ના અનુભાવો અથવા વિભાવો-તેમના અનુભાવો સમજી શકાય.

પણ અહીં એ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે- અભિનવગુપ્તે તથા મમ્મટે લોલ્લટનો મત પ્રથમ (અર્થાત્ માનો કે પૂર્વપક્ષ તરીકે રજૂ કર્યો છે) નિરૂપ્યો છે. અને શંકુક દ્વારા તેનુ ખંડન કરાવ્યુ છે. અભિનવગુપ્ત 'નાટ્યશાસ્ત્ર' પરની પોતાની ટીકા અભિનવ ભારતીમાં પોતાના ત્રણ પુરોગામી રસવિવેચકો-ભટ્ટલોલ્લટ શ્રી શંકુક અને ભટ્ટનાયકના મતો એક પછી એક નિરૂપે છે, તે, તે મતોમાંના દોષો દર્શાવીને તે પ્રત્યેક. મતનું શાસ્ત્રીય ખંડન કરે છે અને પછી પોતાના મતની સ્વતંત્ર સિદ્ધાંતની સ્થાપના કરે છે અને આમ પ્રત્યક્ષ રીતે તો લોલ્લટના મતમાં પ્રેક્ષકનો ઉલ્લેખ તો નથી. જેને આધુનિક વિદ્વાનો લોલ્લટની ખામી-દોષ માનતા હોય/માનવા પ્રેરાયા હોય અને જેને નાન્દી સાહેબ ઉપરના સૂક્ષ્મ વિવેચનથી લોલ્લટના દોષને (પ્રેક્ષક થી લોલ્લટ સુજાણ છે એવા) ગુણમાં પરિવર્તિત કરી દે છે. પણ પ્રત્યક્ષ રીતે તો લોલ્લટે પ્રેક્ષકને ધ્યાનમાં નથી લીધો એ જોવુ રહ્યું. (જેને નાન્દી સાહેબ આ રીતે તાર્કિક અનુમાનોથી અન્ય વિદ્વાનોને કાન પકડાવીને લોલ્લટને પ્રેક્ષક ખ્યાલમાં હતો/છે એમ કહેવડાવે છે.)

બીજી વાત એ છે કે વ્યભિચારીઓ પણ ચિત્તરૂપ છે અને સ્થાયી પણ ચિત્તરૂપ છે. બંને વચ્ચે પોષ્યપોષક સંબંધ છે. હવે વિચારવાનું એ થાય છે કે ચિત્તમાં કોઈ પણ એક ક્ષણે કોઈ પણ એક જ લાગણી કે ભાવ રહી શકે. (જેમ એક મ્યાનમાં એક ક્ષણે એક તલવાર રહી શકે તેમ) આ ગૂંચને સુલઝાવવા લોલ્લટ એવું સૂચવે છે કે અહીં સ્થાયીને વાસનારૂપે સ્થિર રહેલો માનવો. અનાદિકાળથી કેટલીક જન્મજાત વાસનાઓ પડેલી હોય છે. આ સંસ્કારો સુષુપ્ત રીતે પડેલા હોય છે. આ વાસનારૂપ સ્થાયીને જગાડવો ક્રિયાન્વિત કરવો અને વૃદ્ધિ કરવી એ થયો તેનો પરિપોષ-ઉપચિતિ. વ્યભિચારી ભાવો અન-ઉપચિત પડેલા સ્થાયીને ઉપચિત કરે છે. આ રીતે જે સ્થાયી અનુપચિત છે. જે વ્યભિચારીઓથી પોષણ પામી ઉપચિત થતાં રસપદવીને પામે છે. 'રસ' કહેવાય છે.

ત્રીજી એક મહત્ત્વની વાત ભટ્ટલોલ્લટે કહી તે રસના અધિષ્ઠાનની, ઉપચિત થયેલો સ્થાયી તે રસ, મુખ્યવૃત્તિથી રામ વગેરે પાત્રોમાં એટલે કે અનુકાર્યમાં અને પાછળથી અનુસંધાનના બળથી અનુકર્તા કહેતાં નટમાં પણ જણાય છે. આનાથી એમ સિદ્ધ થાય છે કે લોલ્લટ મૂળ રામાદિમાં રસ માને છે. એટલે કે લૌકિકભાવો અને કાવ્યનાટ્યગત ભાવો વચ્ચે અભેદ માનતા જણાય છે. તેઓ સ્થાયી એવ રસઃ સિદ્ધાંતમાં માનતા હોય તેમ લાગે છે. સંભવતઃ લોલ્લટ રસને સુખદુઃખાત્મક સ્વભાવનો માને છે - જેમ પાછળથી રામચંદ્ર અને ગુણચંદ્ર પણ જાણે આ પરંપરાને વિકસિત બનાવતાં રસને સુખદુઃખાત્મક માન છે તેમ. આમ છતાં "લોલ્લટના મતમાં રહેલા દોષનું (ધનંજય વગેરેએ) વિવેચન સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં વિસ્તારથી થયુ છે. પણ એના ગુણ ભાગનો ઉલ્લેખ કોઈ પણ પ્રાચીન આચાર્યો એ કર્યો નથી," એવુ વિધાન કરીને લોલ્લટનો પ્રથમ ગુણ તો એ છે કે ભરતના સૂત્રની વ્યાખ્યા કરવામાં તે સૌથી વધુ નજીક છે." એવો અભિપ્રાય ડૉ નગેન્દ્ર આપે છે. ભલે પ્રાચીન આચર્યોએ લોલ્લટના ગુણનું નિરૂપણ ન કર્યુ, પણ આધુનિક આચાર્ય નાન્દી સાહેબે આ પ્રાચીન આચાર્યોથી વિરુદ્ધ જઈને લોલ્લટના



Scanned with CamScanner

દોષને ગુણમાં પરિવર્તન કરી આપીને લોલ્લટની ખામીઓને દૂર કરી છે/દૂર કરવાનો પ્રામાણિક પ્રયત્ન કર્યો છે, જે પ્રંશસનીય છે.

મમ્મટે કાવ્યપ્રકાશ[૮] (ઉલ્લાસ-૪) માં લોલ્લટનો મત નિરૂપ્યો છે. મમ્મટે અભિનવગુપ્તનું જ સ્વારસ્ય પ્રગટ કર્યું છે. તેમણે લોલ્લટના મતને વ્યવસ્થિત કરી આપ્યો છે. ભરત ના રસસૂત્રમાંના બે મહત્વના શબ્દો- 'સંયોગ' અને 'નિષ્પત્તિ' ની સ્પષ્ટ અને સંતોષકારક સમજૂતિ અહી (અભિનવભારતી) માં પ્રાપ્ત થતી નથી, એટલે એમ કહેવામમાં વાંધો નથી કે લોલ્લટના સમગ્ર મતની અભિનવગુપ્તની રજૂઆત સ્પષ્ટ અને સંતોષકારક નથી. અભિનવગુપ્તને આધારે જ આપવામાં આવેલી લોલ્લટ-મત ની રજૂઆત તે વધારે વિશદ અને વ્યવસ્થિત કરવાનો પ્રયાસ કરે છે એટલુ જ.[૯]

અહી લોલ્લટે 'પ્રતીયમાન થતો ' એવા શબ્દો પોતાના મતમાં પ્રયોજ્યા છે. જેથી 'કોને પ્રતીત થતો?' એના જવાબ માં ' સામાજિકને પ્રતીયમાન થતો' એમ સમજી શકાય. તેથી લોલ્લટ સામાજિકને થતી રસાનુભૂતિથી સુજાણ છે, એવુ ડૉ નાન્દી તારવે છે, જેની સ્પષ્ટતા આગળ ઉપર થઈ ગઈ છે કે અભિનવગુપ્તે 'નાટ્યશાસ્ત્ર' પરની પોતાની ટીકા 'અભિનવભારતી' માં પોતાના ત્રણ પૂરોગામી રસવિવેચકો- ભટ્ટલોલ્લટ, શ્રી શંકુક અને ભટ્ટનાયકના મતો એક પછી એક નિરૂપે છે, તે મતમાંના દોષો દર્શાવીને તે પ્રત્યેક મતનું શાસ્ત્રીય રીતે ખંડન કરે છે અને પછી પોતાના મતની સ્વતંત્ર સિદ્ધાન્ત ની સ્થાપના કરે છે. તેથી અભિનવગુપ્તને પણ લોલ્લટનો મત અપરિપૂર્ણ જણાયો હશે. વળી સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં પ્રાચીન આચાર્યો વડે લોલ્લટના દોષનું નિરૂપણ વિસ્તારથી થયુ છે. અને આધુનિક વિદ્વાનો પણ તેમને પગલે લોલ્લટનો પહેલો અને મોટો દોષ એ 'પ્રેક્ષકની બાદબાકી' ગણાવે છે. બીજી વાત લોલ્લટે પ્રત્યક્ષ રીતે સામાજિકનો ઉલ્લેખ નથી કર્યો જે રીતે ભટ્ટનાયક તથા અભિનવે કર્યો છે. તેથી ડૉ.નાન્દીના આ તારણને /અનુમાનને વિચારવાનું થાય છે વળી એમ પણ વિચારાય કે ભટ્ટલોલ્લટ એક આલંકારિક તથા આચાર્ય હતા તેમ પ્રાપ્ત સંદર્ભ-ઉલ્લેખોને આધારે માની શકાય અને તેમના વિચારમાં પ્રેક્ષક સામાજિક કેમ બાકાત રહયો હોય ?

હેમચંદ્ર વિવેક [૧૦] (પૃ.૮૯-૯૦) માં લોલ્લટનો મત ઉદ્ધૃત કર્યો છે તથા અભિનવગુપ્તે ધ્વન્વાલોક [૧૧] લોચનમાં (૨.૪) ઉપર પૃ (૧૮૪-૫) માં નામોલ્લેખ વગર લોલ્લટના મતની ચર્ચા કરી છે. અભિનવગુંપ્તે રસસૂત્રની ચર્ચા કરતા ફક્ત છઠ્ઠા અધ્યાયમાં જ લોલ્લટનો ઉલ્લેખ નથી કર્યો પરંતુ બારમાં, તેરમાં, અઢારમાં અને એકવીસમાં અધ્યાયમાં પણ લોલ્લટનો ઉલ્લેખ કર્યો છે. નાટ્યશાસ્ત્રના અનેક અંશોના વિષયમાં લોલલટના મતના ઉલ્લેખથી આ પરંપરાની પૃષ્ટિ થાય છે કે તેમણે ભરતના સંપૂર્ણ ગ્રંથ પર ટીકા લખી હતી.[૧૨]

લોલ્લટના સમયમાં ચોકકસ સમયનિર્ણય નથી. છતાં ઉદ્ભટના પરવર્તી અને સમકાલીન હતા અને ઉદ્ભટને ઈ.સ.૮૧૩ પછી માનવામાં આવે છે તેથી લોલ્લટને ૯મી૧૦ મી સદીમાં મૂકી શકાય.

અહી આપણે લોલ્લટનો રસસિદ્ધાન્ત જ નિરુપ્યો છે અને લોલ્લટ દ્વારા પ્રતિપાદિત રસસિદ્ધાન્ત સંભવતઃ પરંપરાગત હતો, એમ માની શકાય. આ સિવાય અભિધાશકિતના વ્યાપાર સાથે સંબંધિત વિવાદના પ્રસંગમાં લોલ્લટના દીર્ઘ વ્યાપારવાદી ( બુદ્દ બુદ્દતર વ્યાપાર) કહયો છે, કારણ કે તેમના



Scanned with CamScanner

મત અનુસાર શબ્દના સંકેતાર્થના મુખ્યવ્યાપારનો પ્રભાવ એટલો દૂર વ્યાપી હોય છે, કે એ સ્વયં જ લક્ષ્ય અથવા વ્યંજિત અર્થ તે વ્યક્ત કરવા સમર્થ હોય છે[13] જેનું પ્રમાણ નામનિર્દેશ કર્યા વગર મમ્મટ, મહિમભટ્ટ, હેમચંદ્ર વગેરે આચાર્યો આપે છે[14] તેનો ઉલ્લેખ કર્યો છે.

## સંદર્ભ


(૧) નાટ્યશાસ્ત્રમ્ (પૃ.-૫૭૦) ડૉ. તપસ્વી નાન્દી.

કાવ્યનિર્ણયમાંનો આ ફેરફાર શ્રી શંકુકના કાલમાં પણ તફાવત આવે છે, કેમકે શ્રી શંકુક, તે એક કવિ શંકુક, જે નવમી સદીની શરૂઆતના અજિતાપીડના સમકાલીન હતા. તે કવિ શંકુકથી ભિન્ન ભિન્ન વ્યક્તિ હોવા જોઈએ.

નાટ્યશાસ્ત્રીય પરંપરાપરિસંવાદ, તા.૨,૩-એપ્રિલ-૧૯૯૯ ઉ.ગુ.યુનિ.પાટણ

(૨) ભારતીય સાહિત્ય વિચાર મંજૂષા (ડૉ.બેટાઈ, કંસારા), પૃ.-૨૨૯

(૩) History of Sanskrit poeties- અનુવાદ, પૃ.-૩૫, ગંગારામ શર્મા.

(૪) રસનિષ્પત્તિ-ભિન્નભિન્નવાદો લેખ, આચાર્યશ્રી જયાનંદ દવે, પૃ.-૫

(૫) भट्टलोल्लटप्रभृतयस्तावद् एवं व्याख्युः । विभावादिभिः . . . . . . . . इत्यासह्य परां कोटिं कोपा रौद्रात्मतां गतः इत्यादि च । अभिनवभारती (नाट्यशास्त्र, पृ.-७९-८०) ડૉ. નાન્દી સાહેબ

(૬) નાટ્યશાસ્ત્રમ્, ડૉ. તપસ્વી નાન્દી.

(૭) ડૉ. નગેન્દ્ર રસસિદ્ધાંત, પૃ.-૧૫૮

(૮) "विभावैर्ललनोद्यानादिभिरालम्बनोदीपनकारणैः इत्यादिको भावो जनितः, अनुभावैः काटाक्षभुजाक्षेपप्रभृतिभिः कार्यैः प्रतीतियोग्यः कृतः, व्यभिचारीभिर्निदर्घोदिभिः सहकारमिरूपन्वितो मुख्यया वृत्त्या रामादावनुकार्ये तद्रूपतानुसन्धानान्नर्तकेऽपि प्रतीयमानो रसः" इति भट्टलोल्लटप्रभुतयः ।- કાવ્યપ્રકાશ, આર.ડી.કરમરકર, સંપાદિત-પૂના આવૃત્તિ, પૃ.-૮૭

(૯) રસનિષ્પત્તિ, આચાર્ય શ્રી જયાનંદ દવે. (પૃ.-૭)

(૧૦) तत्र भट्टलोल्लटस्तावदेवं व्याचचक्षे । विभावादिभिः . . . . . . . च तटे रामादिरूपतानुसन्धानबलादिति । प्रतीयमानः स्थायी रस इति । નાટ્યશાસ્ત્રમ્, ડૉ. નાન્દી.

(૧૧) अत्रोच्यते . . . . . रसस्वरूपम् एव तावदविप्रतिपतयः प्रतिवादिनाम् । तथाहि . . . . . सामाजिकगते वा कश्चमत्कारः प्रत्युत करणादौ दुःखप्राप्तिः । तस्मान्नायं पक्षः । નાટ્યશાસ્ત્રમ્, ડૉ. નાન્દી.

(૧૨) History of Sanskrit poeties- અનુવાદ, પૃ.-૩૪, ડૉ.એસ.કે.ડે.

(૧૩) History of Sanskrit poeties- અનુવાદ, પૃ.-૩૪, શ્રી ગંગારામ શર્મા.

(૧૪) विधिरत्वात्र वाच्य इति ।' — काव्यप्रकाश, पृ.-३४, ડૉ.એ.એમ.પ્રજાપતિ.




Scanned with CamScanner